# રિલીફ રોડ પર આવેલા એક કોમ્પલેક્ષમાં ભીષણ આગ

## અત્યંત વ્યસ્ત વિસ્તારમાં ભાગદોડ મચી ગઇ : નીચેના ફ્લોર પરથી છ માળ જેટલી દુકાનો બળીને ખાખ ફાયર બ્રિગેડે આગને ૪૫ મિનિટમાં કાબુમાં લઈ લીધી

અમદાવાદ, તા.૨૮

શહેરના રિલીફ રોડ પર આવેલા એક કોમ્પલેક્ષમાં ભીષણ આગ લાગ્યાની ઘટના સામે આવી છે. એક ખાનગી કોમ્પલેક્ષમાં લાગેલી ભીષણ આગના કારણે કોટ વિસ્તારમાં અત્યંત વ્યસ્ત વિસ્તારમાં ભાગદોડ મચી ગઈ હતી. જો કે રવિવાર હોવાનાં કારણે ભીડ પ્રમાણમાં ઓછી હોય છે. નીચેના ફ્લોર પરથી છ માળ જેટલી દુકાનો આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી. જો કે ફાયર બ્રિગેડને કોલ મળતા જ ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જો કે આગને ૪૫ મિનિટ બાદ આગ કાબુમાં લઈ લેવાઈ હતી.

દુકાન પર લાગેલા બેનરોના કારણે પણ આગ વધારે વિકરાળ બની હતી. આગના કારણે તત્કાલ પોલીસ દ્વારા પણ સમગ્ર રોડ બ્લોક કરી દેવાયો હતો. જેના કારણે ભારે ટ્રાફીક જામ પણ સર્જાયો હતો. જો કે આખરે ફાયર ફાઈટરોએ આગને કાબુમાં લીધી હતી. આકાર કોમર્શિયલ કોમ્પલેક્સમાં રેડીમેડ ગારમેન્ટની દુકાનમાં આગ લાગી ગઈ હતી.

આગના કારણે ગારમેન્ટ ફેક્ટરીનો લાખો રૂપિયાનો માલ બળીને ખાખ થઈ ગયો હતો. આગનો કોલ મળતા જ ૬ ફાયર ફાઈટર જવાન, ૧ હાઈડ્રોલિક મશીન અને ૨ એમ્બ્યુલન્સ અને ૬૮ ફાયર સ્ટાફનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

જો કે તત્કાલ કાર્યવાહીના કારણે કલાકનાં સમયમાં જ આગ કાબુમાં આવી ગઈ હતી. ઘટના સ્થળે કુલીંગની કામગીરી ચાલી રહી છે.

એક કલાક માટે રોડ બંધ કરી દેવાયો હતો. પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. ઘટનામાં કોઈ જાનહાની નથી. જો કે ૬ દુકાનોમાં લાગેલી આગના કારણે લાખો રૂપિયાનું નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે. જો કે હાલ તો ફાયર વિભાગ દ્વારા આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે.




# ઈન્દ્રોડા ખાતે મોડીરાત સુધી લાઉડ સ્પીકર વગાડતા જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામ રાવળવાસ ખાતે રહેતા ભગાભાઈ છગાભાઈ રાવળના ઘરે મોડી રાત્રે લાઉડ સ્પીકર વાગતા હોવાથી તે બંધ કરવાનું જણાવ્યા છતા બંધ ના કરતા સાઉન્ડ સીસ્ટમ કબ્જે કરી ચાર વ્યકિત સામે ધ્વની પ્રદુષણ અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકની પીસીઆઈ રાત્રીના સમયે રાઉન્ડમાં હતી તે સમયે રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં કંટ્રોલ રૂમથી મેસેજ મળ્યો હતો કે ઈન્દ્રોડા ગામમાં લાઉડ સ્પીકર વાગે છે તે બંધ કરાવો, આ મેસેજને પગલે પોલીસ ઈન્દ્રોડા ગામ રાવળ વાસ ખાતે રહેતા ભગાભાઈ છગાભાઈ રાવળ તેમજ અન્ય ત્રણ સ્પીકર વગાડતા હોવાથી બંધ કરવા માટે પોલીસે જણાવ્યું હતું. તેમ છતા સ્પીકર બંધ ન કરતા પોલીસો યોગરાજસિંહ ભમરસિંહ ચૌહાણ ( રહે. મહાદેવવાળો વાસ કૃષ્ણનગર કોઠી બારડોલી કોઠી દહેગામ), વનરાજસિંહ નટવરસિંહ ચૌહાણ (રહે. મહાદેવવાળો વાસ હરસોલી દહેગામ), સંજયકુમાર કાળુસિંહ ચૌહાણ (રહે. માઢવાસ કૃષ્ણનગર બારડોલી કોઠી તા.દહેગામ) અને ભગાભાઈ છગાભાઈ રાવળ (રાવળવાસ ઈન્દ્રોડા ગામ ગાંધીનગર) સામે ધ્વની પ્રદુષણ અને જાહેરનામા ભંગ બદલ ગુનોં નોંધી સાઉન્ડ સિસ્ટમ પણ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વ્યાજના ચક્કરમાં યુવકના આપઘાત કેસમાં દુષ્પ્રેરણની ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર,તા.૨૮

વ્યાજના વિષચક્રમાં ફસાયેલા અમદાવાદના યુવકે તાજેતરમાં નદીમાં છલાંગ લગાવી મોતને ભેટ્યો હતો. ત્યારે આ મુદે ચાર વ્યકિત સામે આપઘાતના દુષ્પ્રેરણની ફરીયાદ નોંધાઈ છે.

અમદાવાદ કોતરપુર નંદીગ્રામ સોસાયટી ખાતે ૪૫ વર્ષિય મહેશભાઈ માનસીંગભાઈ ડાંગી પોતાના પરિવાર સાથે રહેતા હતા.તેઓએ સાબરમતિ નદીમાં મોતની છલાંગ લગાવતા પહેલા સ્યુસાઈડ નોટ લખી હતી.જેમા તેઓએ રૂપીયાની જરુરત હોવાથી તેમની સાથે ફરજ બજાવતો મિત્ર સંજય ને વાત કરી હતી. તે સમયે સંજયે તેની હાજરીમાં સાળી કવિતા પાસેથી રૂ.૭૦ હજાર અપાવ્યા હતા. ત્યારબાદ સમયાંતરે અને લોન લઈને રૂપીયા સંજયને આપી દીધા હતા. જો કે સંજયે પૈસા પોતાની સાળીને આપ્યા ન હતા. જેથી સંજયના સાળી અને તેમનો દિકરો પૈસાની પઠાણી ઉઘરાણી કરતા હતા. ઉઘરાણીમાં તેઓએ મહેશભાઈ પાસેથી રૂ.૧.૭૦ લાખ આપવાના હોવાનુ લખાણ લઈ લીધુ હતું. અને બે કોરા ચેક લઈ લીધા હતા. આ ઉપરાંત મહેશભાઈએ અમદાવાદ નોબલ નગર ખાતે રહેતા ભુરાભાઈ રાણા પાસેથી પણ એક લાખ વ્યાજે લીધા હતા. જે રૂપીયાનું તે મહિને સાડા ચાર ટકા લેખે વ્યાજ આપતા હતા. નોકરી છુટી જતા મહેશભાઈ વ્યાજ ભરી ના શકતા વ્યાજના વિષચક્રમાં ફસાઈ ગયા હતા. જેને પગલે ભુરાભાઈ રૂપીયા માટે પઠાણી ઉઘરાણી કરતા હતા અને ઘરે આવીને ધમકાવતા હતા. બંન્ને તરફ ત્રાસને પગલે આખરે મહેશભાઈએ આપઘાત કરી લીધો હતો. જેથી મળી આવેલી સ્યુસાઈડ નોટને આધારે આ મુદ્દે ઈન્ફોસીટી પોલીસ મથકે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો છે.

# અમદાવાદ એરપોર્ટ પર બન્યું પ્રિ-પેઈડ રીક્ષા બુથ

## ડિસેમ્બરથી પ્રિ-પેઇડ રીક્ષા સર્વિસ શરૂ થશેપ્રિ-પેઇડ રીક્ષા સર્વિસ સાથે જોડાનાર તમામ રિક્ષા ચાલકોને રસી લીધાનું બક્કલ પણ આપવામાં આવશે

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ એરપોર્ટ પર પ્રિ-પેઈડ રીક્ષા બુથ બનાવવામાં આવ્યં છે. ૧ ડિસેમ્બરથી અમદાવાદ ડોમેસ્ટિક એરપોર્ટ પર પ્રિ-પેઈડ રીક્ષા સર્વિસ શરૂ થશે. પ્રિ-પેઈડ રીક્ષા સર્વિસ સાથે જોડાનાર તમામ રિક્ષાચાલકોને રસી લીધાનું બક્કલ પણ આપવામાં આવશે. મુસાફરોએ એરપોર્ટથી જે તે સ્થળે જવા માટે પ્રિ-પેઈડ બુથ પર ભાડું ચૂકવવાનું રહેશે. મુસાફરો સાથે હાલ ભાડું વસૂલવા અંગે ખાનગી રીક્ષા ચાલકોની માથાકુટ થતી હોવાથી પ્રિ-પેઈડ રીક્ષા બુથ બનાવવામાં આવી રહ્યાનો એરપોર્ટ મેનેજમેન્ટ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે.



રીક્ષા બુથ પર મુસાફરોએ ભાડું રોકડમાં અથવા ડિજિટલી ચૂકવવાનું રહેશે. આ રીક્ષા બુથ બ્યા બાદ શહેરના રીક્ષા ચાલકો મુસાફરોને એરપોર્ટ પર ઉતારી શકશે પરંતુ એરપોર્ટથી મુસાફરોને બેસાડીને પરત નહીં ફરી શકે. માત્ર આ સર્વિસ સાથે જોડાયેલા જ રીક્ષા ચાલકો એરપોર્ટથી મુસાફરોને જે તે સ્થળે મુકવા જઈ શકશે. આ સર્વિસ સાથે જોડાયા બાદ રીક્ષા ચાલકોએ મુસાફરો મળવા બદલ નિશ્ચિત ચાર્જ/ રકમ પણ ચૂકવવાની રહશે. હાલ રિક્ષા ચાલકોએ એરપોર્ટ પર આવવા બદલ ૬૦ રૂપિયા ચાર્જ ચૂકવવાનો રહે છે, જેના બાદ હવે રીક્ષા બુથ બનતા મુસાફરદીઠ ચાર્જ પણ ચૂકવવો પડશે.

હાલ એરપોર્ટ પર આવતા ખાનગી રીક્ષા ચાલકો વધારાના મુસાફરદીઠ ચાર્જ ચૂકવવાને લઈને નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. આગામી સમયમાં ખાનગી રીક્ષા ચાલકો આ રીક્ષા બુથનો વિરોધ કરે એવા એંધાણ જોવા મળી રહ્યા છે.

# સ્માર્ટફોન ફાટતા હાથની ચામડીના ચીથરા ઉડી ગયા

આજના સમયમાં સ્માર્ટફોન જીવન જરૂરિયાતી વસ્તુ બની ગઈ છે, પણ તેનો ઉપયોગ ક્યારેક ડેન્જરસ સાબિત થતો હોય છે. સ્માર્ટફોન જ્યારે ગરમ થાય છે ત્યારે તે જીવતા બોમ્બ સમાન બની જાય છે. આવો જ ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે, જેમાં સ્માર્ટફોન એવો ફાટ્યો કે હાથની ચામડીના ચીથરા ઉડી ગયા હતા. મોબાઈલ રમતા કિશોર સાથે આ ઘટના બની હતી. મહીસાગરના બાલા સિનોરમાં મોબાઈલ બ્લાસ્ટની ઘટના સામે આવી છે. બાલાસિનોરના ભમરીયા ગામે મોબાઈલમાં ચાલુ ચાર્જિંગે ગેમ રમતા મોબાઈલ બ્લાસ્ટ થયો હતો. મોબાઈલ બ્લાસ્ટ થતા ગેમ રમતા કિશોરને ગંભીર ઈજા પહોંચી હતી. કિશોરનો હાથ એટલી ગંભીર રીતે દાઝ્યો હતો કે, તેના હાથના ચીંથરા ઉડી ગયા હતા. તેના હાથની તમામ આંગળીઓનો આગળનો ભાગ બ્લાસ્ટમાં ફાટી ગયો હતો.




## ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત રમેશ પારેખના જન્મદિને કવિસંમેલન યોજાઈ ગયું

ગુજરાત સાહિત્ય અકાદમી અને ઈમેજ બુક કલ્ચર ટ્રસ્ટ આયોજિત તા, ૨૭, નવેમ્બર ૨૦૨૧ના રોજ સાંજે ૬.૦૦ કલાકે નવજીવન ટ્રસ્ટ ખાતે સુપ્રસિદ્ધ કવિ રમેશ પારેખના જન્મદિન નિમિત્તે કવિસંમેલન યોજાઈ ગયું. જેમાં અનિલ ચાવડા, સુનિલ શાહ, કિશોર જિકાદરા, હર્ષવી પટેલ અને સુરેશ ઝવેરી કાવ્યપાઠ કર્યો હતો. અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અને હિતેન આનંદપરા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત હતા. સુપ્રસિદ્ધ શાયર હરદ્વાર ગોસ્વામીએ સંચાલન કર્યુ હતું. રમેશ પારેખની રચનાઓને ગાયક જન્મેજય વૈદ્યે સ્વર આપ્યો હતો. કાર્યક્રમના સ્થળ પર આખો દિવસ રમેશ પારેખના પુસ્તકોનું પ્રદર્શન થયું હતું.

## ૫૦ જેટલાં ટ્રાફિક ચેમ્પ પસંદ કરી સન્માનિત કરાય છે

# ટ્રાફિકની સમસ્યા હળવી કરવા પોલીસનું અનોખું અભિયાન

વડોદરા, તા.૨૮

શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને પ્રદુષણનો પ્રશ્ન હળવો કરવાં વડોદરા પોલીસ દ્વારા અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અનોખા અભિયાન દ્વારા વધુમાં વધુ વાહનચાલકો ટ્રાફિકનાં નિયમો પાળે તે માટેનાં સરાહનીય પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. સામાન્ય રીતે આપ જ્યારે ટ્રાફિક સિગ્નલ પોઈન્ટ પર ઉભા હોવ અને ટ્રાફિક પોલીસ આપની તરફ આવે એટલે દંડ કરશે તેવી બીકે થોડો ગભરાટ ફેલાતો હોય છે. પરંતુ આપ વડોદરામાં હોવને આવું બને તો તમારે ગભરાવાની બિલ્કુલ જરૂર નથી. કારણ કે, આજકાલ વડોદરામાં વાહનચાલક તરફ વધતી ટ્રાફિક પોલીસ તેને દંડ કરવા નહીં પણ તેને સન્માનિત કરવાં તેની પાસે પહોંચી રહી છે. જી હાં, વડોદરામાં વાહનચાલકોને સન્માનિત કરી રહેલી ટ્રાફિક પોલીસે વાસ્તવમાં વડોદરામાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવાં અને પ્રદુષણનો પ્રશ્ન ઉકેલવા એક અનોખો પ્રયોગ હાથ ધર્યો છે. જેમાં પોલીસે વડોદરામાં ટ્રાફિકનાં નિયમોનું શિસ્તબદ્ધ પાલન કરતાં વાહનચાલકોને પેટ્રોલની ફ્રી ગિફ્ટ કુપન આપવાનું શરૂ કર્યું છે.

ટ્રાફિક ડિસીપ્લીન પાળતા વાહનચાલકોનો વડોદરા ટ્રાફિક પોલીસ આભાર માની તેમને ૧૦૦ રૂ.નાં ફ્રી પેટ્રોલની કુપન ગિફ્ટમાં આપી રહી છે. જો કે, તે માટે જરૂરી છે કે, તમારી પાસે ગાડીનાં તમામ દસ્તાવેજો હોવાં જોઈએ. સાથે જ વાહનચાલકે ક્યાંય કોઈ ટ્રાફિક સિગ્નલનો ભંગ ન કર્યો હોવો જોઈએ. ટુ વ્હીલર પર હેલ્મેટ અને કારમાં સીટ બેલ્ટ સૌથી જરૂરી નિયમ છે. ત્યારે જ આપને 'ટ્રાફિક ચેમ્પિયન' જાહેર કરી વડોદરા પોલીસ આપનું સન્માન કરશે.

વડોદરામાં ટ્રાફિક પોલીસ એક દિવસમાં આવાં ૫૦ જેટલાં ટ્રાફિક ચેમ્પ પસંદ કરી તેઓને સન્માનિત કરી રહી છે. ટ્રાફિક નિયમોનું સંપુર્ણપણે શિસ્તબદ્ધ પાલન કરતાં વાહનચાલકો વડોદરા ટ્રાફિક પોલીસનું સન્માન તેમજ ૧૦૦ રૂ.નાં ફ્રી પેટ્રોલની કુપન મેળવી ખુશ તો છે, સાથે જ તેઓ અન્ય નાગરિકોને પણ પોતાની સુરક્ષા માટે ટ્રાફિક નિયમોનાં પાલન માટે પ્રોત્સાહિત કરી રહ્યાં છે.

# નર્મદામાં હોમગાર્ડની ભરતી માટે યુવાનો ઉમટી પડ્યા

નર્મદા, તા.૨૮

ગુજરાતમાં હાલ ભરતીની મોસમ ચાલી રહી છે. ગુજરાતમાં એલઆરડી, જીઆરડી, પીએસઆઈની પરીક્ષા માટે યંગસ્ટર્સ તૈયારી કરી રહ્યાં છે. ત્યારે નર્મદા જિલ્લામાં હોમગાર્ડની ભરતી ચાલી રહી છે. સરકારની નોકરી મેળવવાની આશાએ વહેલી રાત્રે ૩ વાગ્યાથુ યુવકો લાઈનમાં ઉભા રહ્યા હતા અને પોતાનો નંબર આવે તેની રાહ જોઈ રહ્યા હતા.

નર્મદા જિલ્લામાં અત્યારે હોમ ગાર્ડની ભરતી ચાલી રહી છે. જેમાં આજે મોટી સંખ્યામાં બેરોજગાર યુવાનો ઉમટી પડ્યા છે. આ માટે યંગસ્ટર્સ વહેલી રાત્રે ૩.૦૦ વાગ્યાથી લાઈનમાં ઉભા રહેલા જોવા મળ્યા હતા. હોમગાર્ડની નોકરી એવી હોય છે કે જેમાં કાયમી પગાર નથી હોતો. માત્ર માનદવેતન હોય છે. છતાં પણ તેની ભરતીમાં મોટી સંખ્યામાં ઉમેદવારો ઉમટી પડ્યા છે. જે બતાવે છે કે સરકારી નોકરીમાં દિવસેને દિવસે લોકોનો રસ વધી રહ્યો છે.

નર્મદા જિલ્લાની જો વાત કરીએ તો નર્મદા જિલ્લામાં રાજપીપળામાં ૧૨૫ જગ્યા માટે ૧૨૫૮, મહિલાની ૨૦ જગ્યા માટે ૩૮૦ અને કેવડિયા ૮૯ ની જગ્યા માટે ૧૦૬૦ અને મહિલાની ૧૮ જગ્યા સામે ૩૩૩ ઉમેદવારી નોંધાવી છે. જેની ભરતી પ્રકિયા ચાલુ છે. મોટી સંખ્યામાં ઉમેદવારોની ભરતી ચાલી રહી છે ત્યારે કેવડીયા એસ.આર.પી ગ્રાઉન્ડ ખાતેની ભરતી કરવામાં આવી રહી છે. જેમાં આજે દોડ તેમજ છાતીનું માપ અને તમામ કસોટી લેવામાં આવી રહી છે. ત્યારે મોટી સંખ્યામાં ઉમટેલા ઉમેદવારો બતાવે છે કે ગુજરાતમાં કારમી મોંઘવારીના કારણે સાથે-સાથે બેરોજગારી પણ મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે.

# યુવકનું હોમગાર્ડ ભરતી મેળા દરમિયાન મોત થયું

અરવલ્લી, તા.૨૮

હાલ ગુજરાતમાં સરકારી ભરતીની મોસમ ચાલી રહી છે. હોમગાર્ડ, જીઆરડી, એલઆરડી અને પીએસઆઈની ભરતી માટે યંગસ્ટર્સ કમર કરી રહ્યાં છે. પરંતુ ગણતરીની સંખ્યામાં સરકારી નોકરી માટે મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા છે. મોટી સંખ્યામા યુવકો ભરતી માટે પહોંચ્યા છે. ત્યારે સરકારી નોકરીની આશાએ આવેલા એક આશાસ્પદ યુવકનું ભરતી દરમિયાન મોત નિપજ્યુ છે.

અરવલ્લી જિલાના સરડોઇ ,ટીંટોઈ અને ધનસુરા વિસ્તારના હોમગાર્ડમાં ભરતી થવા માંગતા ઉમેદવારો માટે મોડાસાના સાકરીયા ખાતે આવેલા પોલીસ ગ્રાઉન્ડ ખાતે ભરતી કેમ્પ યોજાયો હતો જેમાં ત્રણેય વિસ્તારો માઠીના ૨૪૩ ઉમેદવારો ભરતીમાં જોડાવા માટે આવ્યા હતા. ત્યારે આ ભરતીમાં મોડાસા તાલુકાના મોટી ઈસરોલ પાસે આવેલા ભીલકુવા ગામનો રણજીતસિંહ રજુસિંહ પરમાર (ઉમર ૨૫ વર્ષ) નામનો ઉમેદવાર પણ ભરતીમાં આવ્યો હતો. આ ઉમેદવારે ભરતીમાં ફિઝીલ ટેસ્ટ આપ્યા બાદ સર્ટિફિકેટ વેરિફિકેશન કરાવતો હતો. તેવામાં અચાનક ચક્કર આવી તબિયત લથડી હતી. જેથી સ્થળ ઉપર હાજર ડોક્ટરની ટીમ દ્વારા પ્રાથમિક તપાસ બાદ વધુ સારવાર માટે સ્થળ ઉપર હાજર એમ્બ્યુલન્સમાં મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. જ્યા આ યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ત્યારે યુવાનના મોતને પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો હતો. મૃત્યુ પામનાર યુવક આર્થિક ગરીબ પરિસ્થિતિનો અને નિરાધાર હતો. યુવકને સંતાનમાં ત્રણ બાળકો છે. ત્યારે પરિવાર જાણો દ્વારા મૃતકના પરિવારને આર્થિક સહાય કરવામાં આવે તેવી માંગ કરી છે

આ યુવક નોકરીની આશાએ ભરતી મેળામાં આવ્યો હતો. તેમણે નાનપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. જેથી કાકાએ તેનો ઉછેર કર્યો હતો. આ વાતની માહિતી મળતા જ યુવકના મોતના પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

## દારૂની બોટલ ... ● ત્રીજા પાનાનું ચાલુ

સંતરામપુરથી આગળ બટકવાડા ગામે લગ્ન પ્રસંગ ખાતે પહોંચ્યા હતા. ત્યારબાદ રાત્રીના ૧૨ વાગે ત્યાંથી નીકળતા રવિ લગ્ન પ્રસંગ હોવાથી દારૂની બોટલ પીવા માટે સાથે લેવાનું કહેતા કાર માલિકે ના પાડી હતી. જેથી તેઓ ગાંધીનગર આવવા માટે નીકળી ગયા હતા.ચિલોડા થી પ્રેસ ચોકડી પહોંચતા રવિએ ચા પીવા માટે કહેતા ગાડી પેથાપુર ચોકડી પાસે કનૈયા પાન પાર્લર પાસે ગયા હતા. તે સમયે રવિ પાસે કાર માલિકે ભાડાના પૈસા માંગતા તે ઉશ્કેરાઈ જઈને જેમ તેમ ગાળો બોલવા લાગ્યો હતો. ભાડાના પૈસા માંગીશ તો જાનથી મારી નાંખીશ તેમ કહીને ગાડીમાં રહેલી પ્લાસ્ટીકની લાકડી લઈ આવીને કાર માલિકને કપાળના ભાગે મારી દીધી હતી. જેથી કાર ચાલકને લોહી નીકળતા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વધુ મ્યૂટેશન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, કોરોના વાયરસના નવા સ્વરૂપમાં સ્પાઇક પ્રોટીન ક્ષેત્રમાં કથિત રીતે ૩૦થી વધુ ઉત્પરિવર્તન થયા છે અને તે માટે તેમાં ઈમ્યૂનિટી તંત્રમાંથી બચી નિકળવાની ક્ષમતા વિકસિત કરવાની સંભાવના છે.

તેમણે કહ્યું કે, એવી સ્થિતિમાં ભારતમાં બનનાર સહિત અન્ય રસીની અસરકારકતાના ગંભીર મૂલ્યાંકન કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, ભવિષ્યની કાર્યવાહી તે વાત પર નિર્ભર કરશે કે તેના પ્રસાર, તીવ્રતા અને ઈમ્યૂનિટીથી બચી નિકળવાની ક્ષમતા પર વધુ જાણકારીમાં શું સામે આવે છે. અધિકારીઓએ કહ્યું કે, ભારતીય સાર્સ-સીઓવી-૨ જીનોમિક કન્સોર્ટિયા ઈનસાકોગ કોરોના વાયરસના નવા સ્વરૂપ બી.૧.૧.૧.૫૨૯ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને દેશમાં હજુ તેની હાજરી સામે આવી નથી. ડો. ગુલેરિયાએ આંતરરાષ્ટ્રીય યાત્રિકો અને તે ક્ષેત્રમાં જ્યાં કેસની સંખ્યામાં અચાનક વૃદ્ધિ થઈ છે, બંને માટે ખુબ એલર્ટ રહેવા અને આક્રમક નજર રાખવા પર ભાર આપ્યો છે. તેમણે કહ્યું કે, આપણે બધાએ ઈમાનદારીથી કોરોનાના નિયમનું પાલન કરવું જોઈએ અને આપણી સુરક્ષાને ઓછી કરવી જોઈએ નહીં. સાથે તે પણ નક્કી કરવું પડશે કે વેક્સીનના બંને ડોઝ મળે, અત્યાર સુધી જે લોકોએ રસી લીધી નથી તેણે પણ રસી લેવા આગળ આવવું જોઈએ.

## પત્ર લખ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાષ્ટ્ર સરકારે કોરોના પર જે ટાસ્ક ફોર્સ બનાવી છે તેણે દક્ષિણ આફ્રિકાથી આવનાર યાત્રીકોને ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઈન કરવાની સલાહ આપી છે. મહારાષ્ટ્ર સરકાર તે પણ ઈચ્છે છે કે દક્ષિણ આફ્રિકાથી આવતી ફ્લાઈટ પર પ્રતિબંધ લાગે. આ બેઠકમાં ડિવિઝનલ કમિશ્નર અને કલેક્ટર સામેલ થશે. જે જાણકારી સામે આવી રહી છે તે પ્રમાણે રાજ્ય સરકાર કેન્દ્રને તે રજૂઆત કરવાની છે કે આફ્રિકી દેશોથી આવતી ફ્લાઈટ પર પ્રતિબંધ લાગે. ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી ઠાકરેની તબિયત ખરાબ છે પરંતુ તેમણે હોસ્પિટલથી ઓનલાઈન બેઠકમાં ભાગ લીધો હતો.

## ભાજપનો વિજય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્પોરેશન ચૂંટણીના પરિણામોએ પૂર્વોત્તર રાજ્યોમાં પગ જમાવવાના ટીએમસીના નકલી દાવાને ઉજાગર કર્યા છે અને રાજ્યના લોકોને ભાજપ પર વિશ્વાસ છે. ઘોષે અહીં સંવાદદાતાઓ સાથે વાતચીત દરમિયાન ત્રિપુરામાં ચૂંટણી પ્રચાર કરનાર તૃણમૂલ કાર્યકર્તાઓને ભાડાના લોકો ગણાવ્યા અને કહ્યું કે, ભાજપ અને રાજ્યના લોકો વચ્ચે મજબૂત સંબંધ છે. તેમણે કહ્યું કે, ટીએમસી ત્રિપુરામાં ત્યાં સુધી ખાતું ન ખોલી શકે જ્યાં સુધી ભાજપ કોઈ સીટ પર ઉમેદવાર ન ઉતારવાનો નિર્ણય ન કરે. ઘોષે કહ્યું, "મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામો અપેક્ષા મુજબ આવ્યા છે. ત્રિપુરામાં તૃણમૂલનું ખાતું ખોલવાની કોઈ શક્યતા નથી. તેણે માત્ર દેખાવો કર્યા. આ આદેશ દર્શાવે છે કે પશ્ચિમ બંગાળના ભાડૂતી સૈનિકો ભાજપમાં વિશ્વાસ ધરાવતા રાજ્યમાં પાર્ટીને તેનો આધાર બનાવવામાં મદદ કરી શકતા નથી.

## માવઠાની આગાહી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદ થવાની સંભાવના છે. ડિસેમ્બરના બીજા સપ્તાહથી પશ્ચિમી વિક્ષેપની અસર થતા કડકડતી ઠંડી પડવાની સંભાવના છે. તા ૧૯ ડિસેમ્બરે પણ હવામાનમાં પલ્ટો જોવા મળશે. તા ૨૨ ડિસેમ્બરથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હીમવર્ષા થતા ગાત્રો થીજવતી ઠંડી પડશે. તા ૨૯ ડીસેમ્બરથી કાતિલ ઠંડીને વેગ મળશે. જાન્યુઆરીની શરૂઆતમાં કાતિલ ઠંડી પડશે.

જયારે કેટલાક ભાગોમાં ન્યુન્નતમ તાપમાન ૫ ડીગ્રી સુધી પહોંચી જશે. ધૃવીય પવનોની અસરથી યુરોપિયન દેશો અને એશિયાના ભાગો ઠંડાગાર બની જાય જેની અસર દેશના અન્ય ભાગો પર વર્તાશે. આ વખતનો શિયાળો ભારે ઠંડીનો રહેશે. માર્ચ મહીનામાં પણ સમુદ્રમાં હલચલ થાય અને દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષા થશે બેવડી ઋતુ જેવુ જણાંય છે.